ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# આજે જિલ્લામાં પ્રચાર માટે નેતાઓના ધાડેધાડા ઉતરશે

## કલોલમાં અમીત શાહ, ટીંટોડામાં જગદીશ ઠાકોર, રાંધેજામાં રૂપાલા અને દહેગામમાં શંકરસિંહની સભાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીના મતદાનની આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે નેતાઓ દ્વારા જિલ્લામાં વ્યાપક પ્રવાસો યોજાઈ રહ્યા છે.

જિલ્લામાં બુધવારે માણસા વિધાનસભા મત વિસ્તારમાં કેન્દ્રીય ગૃહમંત્રીએ બે જાહેરસભાઓ સંબોધી હતી.

તેઓ આજે સાંજે ૬ વાગે કલોલના પંચવટી વિસ્તારમાં હનુમાન મંદિર પાસે જાહેરસભાને સંબોધશે. ગાંધીનગર સસંદીય મત વિસ્તારમાં કલોલ વિધાનસભા બેઠક આવે છે. તેઓ જાહેરસભા ઉપરાંત કાર્યકરો સાથે બેઠક કરે તેવી શક્યતાના સંકેત પણ મળી રહ્યા છે.

આજે ગાંધીનગર (ઉ)ના ઉમેદવાર રીટાબેન પટેલના સમર્થનમાં રાંધેજા ખાતે કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલાની સભાનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

દહેગામ વિધાનસભા મતવિસ્તારમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની સભાનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર (દ) બેઠકના ઉમેદવાર ડૉ. હિમાંશુ પટેલના સમર્થનમાં ટીંટોડા ખાતે પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની સભાનું આયોજન કરવામાં આવ્યુ છે.

દરમ્યાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પણ જિલ્લામાં પ્રવાસને લઈ આયોજન થઈ રહ્યુ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ૨જીએ અને ૩જીએ બપોર સુધી જાહેરસભાઓ માટે વધુ કેન્દ્રીય નેતાઓ આવશે તેમ જાણવા મળેલ છે.




લોકશાહીનુ મહાપર્વ આંગણે આવીને ઉભુ રહ્યુ છે. ઉમેદવારો તો ઉત્સાહી છે જ પરંતુ સાથોસાથ મતદારોમાં પણ જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચૂંટણી આયોગ તેની તૈયારીઓને આખરી ઓપ આપી રહી છે. ઠેર ઠેર ઉભા કરવામાં આવેલા મતદાન મથકોએ સુરક્ષા સહિતની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ગાંધીનગરના મતદાન મથકો મતદારોને આવકારવા સુસજ્જ બની ચુક્યા છે.

# ઈ.વી.એમ.ના ટ્રાન્સપોર્ટેશનનું જી.પી.એસ.થી મોનીટરીંગ કરાશે

ગાંધીનગર, તા. ૩૦

આગામી પાંચમી ડિસેમ્બરના રોજ વિધાનસભાની ચૂંટણી માટે યોજાનાર મતદાનને લઈ ઈ.વી.એમ. જે વાહનોમાં મોકલવામાં આવશે તે વાહનો તેમજ સેક્ટરલ સુપરવાઈઝરોની ગાડીમાં એક ઈ.વી.એમ. જે અનામત રખાયેલુ હશે તેનું જી.પી.એસ. સિસ્ટમથી મોનીટરીંગ કરાશે.

ચૂંટણી પંચે આ વખતે ટેકનોલોજીના માધ્યમથી નિસ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણીઓ યોજાય તે માટે મન બનાવી લીધુ છે. પોલિંગ પાર્ટીઓનું ૪થી ડિસેમ્બરના રોજ જ્યારે ડિસ્પેચીંગ થશે તે બસોમાં જીપીએસ સિસ્ટમવાળી હશે. આ ઉપરાંત ૫મીએ મતદાનના આંકડા અને સ્થિતિ પર નજર રાખવા ફરતા સેકટરલ સુપરવાઈઝરોના વાહનોમાં પણ જી.પી.એસ. સિસ્ટમ હશે.

આ જી.પી.એસ. સિસ્ટમનું મોનીટરીંગ કરવા માટે પણ ખાસ ટીમ તંત્ર દ્વારા બનાવવામાં આવી છે અને તે પળેપળની વિગતોની જાણકારી મેળવશે. મતદાનના દિવસે જિલ્લાના ૧૩૫૦ મતદાન મથકો પૈકી ૬૭૫ મતદાન મથકોનું વેબકાસ્ટીંગ કરવામાં આવશે અને તેના નિરીક્ષણ માટે ગાંધીનગર મનપાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેટન્ટરમાં ખાસ સુવિધા ઉભી કરવામાં આવી છે.

### ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસોમાં

# મતદારોને ગુમરાહ કરતા ઓડિયો-વીડિયો કલીપથી સાવધાની જરૂરી

## શામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવી રાજકીય પક્ષો વિરોધી પક્ષના ઉમેદવારને નુકશાન પહોંચાડવા જાલી ઓડિયો-વીડિયો ક્લીપ ફરતી કરે છે : મતદારોએ પોતાની બુદ્ધિ વાપરવી હિતાવહ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો અવસર આંગણે આવીને ઉભો રહ્યો છે. છેલ્લા દિવસો જુદા જુદા ઉમેદવારોની કથિત ઓડિયો-વિડિયો ક્લીપ ફરતી થઈ છે. મતદારોને રીઝવતા કે મત મેળવવા માટે ધાક-ધમકી આપતા આવા કઢિત ઓડિયો-વીડિયો ક્લીપ કોઈ ખાસ મકસદ સાથે સોશિયલ મીડિયામાં ફેરવવામાં આવી રહ્યા છે.

રાજકીય ગરમાવો વધી રહ્યો છે. ચૌરે ને ચૌટે માત્ર અને માત્ર ચૂંટણીની જ ચર્ચાઓ થઈ રહી છે. રાજકીય રંગ પકડાયો છે. ઉમેદવારોએ તો પોતાની રીતે જોરદાર તૈયારીઓ કરી લીધી છે. સાથે જ મતદારો પણ સજ્જ થઈ ગયા છે. ચૂંટણી આયોગે પણ તેની તૈયારીઓ કરી લીધી છે. આ વખતની ચૂંટણીમાં સોશીયલ મીડિયાનુ જોર વધુ રહ્યુ છે. સોશીયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ ખાસ કરીને વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટારગ્રામ પર જાતભાતની ઓડિયો-વીડિયો ક્લીપ ફરતી થઈ છે. રાજકીય પાર્ટીઓ અને ઉમેદવારોએ પ્રતિસ્પર્ધી ઉમેદવારોને નુકશાન પહોંચાડવાનું જરાય બાકી રાખ્યુ નથી. પ્રતિસ્પર્ધી ઉમેદવારોની ઈમેજને બગાડવા માટે પૈસાની વહેંચણી કરતા, ગેરવર્તન કરતા અને બેફામ વાણી વિલાસ કરતા ઉમેદવારોની ઓડિયો-વીડિયો ક્લીપ જાત-ભાતના મેસેજ ગ્રુપ્સમાં ફરી રહી છે.

મતદારોને ગુમરાહ કરતી આવી ઓડિયો-વીડિયો ક્લીપથી મતદારોએ ચેતવાની જરૂર છે. સ્વચ્છ અને ન્યાયી ચૂંટણીની અપેક્ષા રાખતા સામાન્ય મતદારોની વિચારસણી અને તેમની વિચારધારાને ઠેસ પહોંચાડતી આવી ઓડિયો-વીડિયો ક્લીપ પર રોક જરૂરી છે. ચૂંટણી આયોગ આવા નેગેટીવ પ્રચાર પર રોક લગાવે તે જરૂરી છે. મતદાનના છેલ્લા કલાકોમાં ફરતી થયેલી ઉમેદવારોની આવી ઓડિયો-વીડિયો ક્લીપમાં કેટલી સચ્ચાઈ છે તે પણ મતદારોએ જાણવા જરૂરી છે.

# સેક્ટરોમાં જમણવાર સાથેની ચૂંટણી સભાઓમાં ઉમેદવારોનો મતદારો સાથે સીધો સંવાદ

## ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સેકટરોના ચોકઠામાં સભા કરી મતદારોને આકર્ષવા સીધો સંવાદ કરે છે : સભાના અંતે પુરી, શાક દાળભાત અને મોહનથાળનુ ભોજન પણ પીરસવામાં આવે છે : ચુંટણી કાર્યાલયો પર રાત્રિની ગુલાબી ઠંડીમાં ગરમ ચ્હાની ચુસ્કી સાથે ચુંટણીલક્ષી ચર્ચાઓ જોરમા

ગાંધીનગર તા ૩૦

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગરમાં રાજકીય ગરમાવો પ્રવર્તયો છે. નિખરતી ઠંડી વચ્ચે મોડી રાત સુધી રાજકીય પક્ષોના ચુંટણી કાર્યાલયો પર ગરમ ચ્હાની ચુસ્કી સાથે તરેહ તરેહની ચુંટણીલક્ષી ચર્ચાઓ જોરમાં છે. ઉત્તરની બેઠક પર ત્રિપાંખીયા જંગમાં મતદારોના મન કળવા મુશ્કેલ છે ત્યારે પરિણામલક્ષી ઉત્તેજના પણ અત્યાર થી જ પ્રબળ બની છે. ચુંટણી પ્રચાર અંતિમ તબક્કાર તરફ છે ત્યારે સેકટરના મતદારોને પોતાની તરફ કરવા માટે ભાજપ , કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો સેકટરોમાં સભા કરીને જમણવારથી જમાવડો કરી રહ્યા છે. મતદારોને આકર્ષવા માટે સભાના અંતે તેમની સમસ્યાના નિરાકરણનુ વચન સાથે પુરી શાક , મોહનથાળ અને દાળભાતનુ ભોજન પીરસવામાં આવે છે.

ગુજરાત વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગરમાં

### સેકટરોની શેરીઓ અને પાનના ગલ્લા સહીત જાહેર સ્થળોએ ચુંટણીલક્ષી ચર્ચાઓનુ જોર છે. મતદારો મન કળવા દેતા નથી

રાજકીય ઉત્તેજના ચરમસીમાએ છે. ગાંધીનગર ઉત્તરની બેઠક પર ત્રિકોણીયા જંગમાં રાજકીય પક્ષો જોર શોરથી આખરી તબક્કામાં પ્રચાર કરી રહ્યા છે. પ્રચાર ઝુંબેશ તેજ બની છે. સેકટરોમાં રાજકીય પક્ષોના ચુંટણી કાર્યાલયો પણ રાત્રિના મોડે સુધી ધમધમતા જોવા મળે છે. જયારે બીજીતરફ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશની સાથે જાહેરસભા અને ગૃપ મીટીંગનો દૌર ચાલી રહ્યો છે. ભાજપ , કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો સમર્થકો અને કાર્યકરો જીતનો દાવો કરી રહ્યા છે. ગત ચુંટણીમાં પણ ગાંધીનગર ઉત્તરની બેઠક કોંગ્રેસના પોકેટમાં ગઈ હતી પરંતુ કોંગ્રેસે પણ પાતળી સરસાઇ સાથે આ બેઠક પર વિજય મેળવ્યો હતો ત્યારે આ વખતે આમ આદમી પાર્ટી પણ મેદાને છે ત્યારે બે પાટીદાર અને એક ક્ષત્રિય ઉમેદવારના આ ચુંટણી જંગમાં હાલ અંતિમ તબક્કાની પ્રચાર ઝુંબેશ જોરશોરથી ચાલી રહી છે. પ્રચારની સાથે રાત્રિના સમયે સેકટરોની શેરીઓમાં ગૃપ મીટીંગ અને સોસાયટીઓમાં જમણવારે પણ જમાવટ કરી છે. ભાજપ અને કોંગેસના ઉમેદવારો સાંજના સમયે મતદારો સાથે સભા કરી તેમને પોતાની તરફ આકર્ષવા માટે વિકાસ કામોનુ વર્ણન કરે છે. આમ નાગરિકોના મત બટોરવા સભા દરમિયાન તેમની સમસ્યાઓ પણ સાંભળે છે તેમજ જીતના વિશ્વાસ સાથે સમસ્યાના નિરાકરણ માટે ખાત્રી આપે છે. સેકટરોના ચોકઠામાં સોસાયટીના રહીશોને એકત્રિત કરીને સેકટરે સેકટરે રાજકીય પક્ષો દ્વારા મતદારો સાથે ઉમેદવારો સીધો સંપર્ક અને સંવાદ કરે છે. જયારે સેકટરોમાં આ ચોકઠા સભાના અંતે જમણવારનુ પણ આયોજન કરવામાં આવે છે. જમણવારમાં દાળભાત શાક , પુરી અને મોહનથાળનુ ભોજન પણ પીરસાય છે.

શહેરમાં રાજકીય પક્ષોના કાર્યાલયો પર દિવસ દરમિયાન અને રાત્રિની ગુલાબી ઠંડીમાં ગરમ નાસ્તાની મજા સાથે ચ્હાની ચુસ્કી લગાવતા સમર્થકો પણ મોડી રાત સુધી રાજકીય વિવેચકોની અદામાં ચર્ચા કરતા નજરે પડે છે. શહેરમાં ચુંટણીનો માહોલ જામ્યો છે. રાજકીય ગરમાવા સાથે ચુંટણીલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. સેકટરોની શેરીઓ અને પાનના ગલ્લા સહીત જાહેર સ્થળોએ ચુંટણીલક્ષી ચર્ચાઓનુ જોર છે. મતદારો મન કળવા દેતા નથી જેના લીધે પરિણામલક્ષી અટકળોનુ જોર પણ વધ્યુ છે.

# નવી સરકારી વસાહતમાં નર્મદાનુ પાણી આપવા ૮ સ્ટેન્ડ ઉભા કરાયા

## બોરના પાણીના લીધે ખીચડી પણ પાકતી નથી ગૃહીણીઓનો કકળાટ : નવી આવાસ યોજનામાં બોરના આધારે પાણી સપ્લાય કરવામાં આવે છે પાણીની પોકારને ડામવા માટે હાલ સે-૬, ૭ અને સે-૨૮ તેમજ સે-૨૯ માં નવા સ્ટેન્ડ કાર્યરત કરાયા છે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરના સેકટરોમાં પાણીની બુમ ન ઉઠવા પામે તે માટે પુરતો સપ્લાય આપવામાં આવે છે. સેકટરોમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે હાલ નવી લાઈન નાંખવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. આવા સંજોગોમાં શહેરમાં જુના અને જોખમી સરકારી આવાસો તોડીને નિર્માણ કરાયેલી નવી આવાસ યોજનામાં રહીશો દ્વારા નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી હતી. આવાસોમાં બોરનુ પાણી સપ્લાય થતા ખીચડી પણ પાકતી ન હોવાનો આક્રોશ ગૃહીણીઓમાં પ્રબળ બન્યો હતો. જેને અનુલક્ષી તંત્ર દ્વારા શહેરમાં સે-૬, ૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસોની કોલોનીમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે કુલ ૮ સ્ટેન્ડ પોસ્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. જેના લીધે સ્થાનિકોને હવે નર્મદાના પાણીનો સપ્લાય આપવામાં આવે છે.

ગાંધીનગરમાં એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે સેકટરોમાં નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. જો કે આ પ્રોજેકટ પુર્ણ થતા હજુ સમય લાગશે. શહેરના સેકટરોમાં તંત્ર દ્વારા પાણીનો પુરતો સપ્લાય આપવામાં આવે છે. દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ નગરજનો કરતા હોવાનુ પણ મનાય છે. આવા સંજોગોમાં શહેરમાં પ્રતિદિન સપ્લાય થતા પાણી પુરવઠા દરમિયાન નર્મદા પાણી ઉપરાંત સેકટરોના બોરનો પણ ઉપયોગ કરવામાં આવે છે. જો કે સેકટરોના મહત્તમ વિસ્તારમાં સપ્લાય થતા નર્મદાના પાણીના વિતરણ સંદર્ભે બોરના પાણીનો ઉપયોગ લાઈન ભરવા માટે થાય છે. શહેરમાં અંદાજિત અંદાજિત ૬૦ થી ૬૨ એમ એલ ડી પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જો કે ગરમીના દિવસો સિવાય પાણીનો વપરાશ ઘટતા તેમાં ફેરફાર પણ કરવામા આવે છે. શહેરમાં જુના અને કંગાળ સરકારી આવાસોનો કડસુલો કરીનો નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી સે-૬, સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. ત્યારે નવા આવાસોને કોર્પોરેટ લુક આપી અદ્યતન સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી આ આવાસોમાં નર્મદાના પાણીનો સપ્લાય આપવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે. ત્યારે તંત્ર દ્વારા શહેરના સે-૬ , સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં પાણીના સ્ટેન્ડ ઉભા કરી નર્મદાનુ પાણી આપવામાં આવી રહ્યુ છે. જેમાં દરેક આવાસ

● અનુસંધાન પાન-૭ પર



વ્યાપક આવકાર - ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર રીટાબેન પટેલ પ્રચારના અંતિમ ચરણમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ડોર-ટુ-ડોર પ્રચાર ઘનિષ્ઠ બનાવ્યું હતું... બુધવારે દિવસ દરમિયાન પેથાપુર, ચરેડી, ફતેપુરા, જેવા અર્ધ શહેરી વિસ્તારોમાં પ્રચાર અભિયાન કર્યું હતું. જ્યાં તેમને સર્વ સમાજમાંથી આવકાર મળ્યો હતો...

# જિલ્લાની પાંચ બેઠક પર ૧૯૬ માઈક્રો ઓબ્ઝર્વર નિમાયા

ગાંધીનગર, તા. ૩૦

આગામી ૫ મી ડિસેમ્બરના રોજ જિલ્લાની પાંચ બેઠકો માટેની ચૂંટણી માટે આજે તંત્રએ ૧૯૬ માઈક્રો ઓબ્ઝર્વરની નિયુક્તી કરી છે. તેમને ગુરૂવારે ખાસ તાલિમ આપવામાં આવશે.

જિલ્લામાં નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં મતદાન થાય તેના માટે સીધી નજર આ માઈક્રો ઓબ્ઝર્વર રાખશે અને સીધો રિપોર્ટ ચૂંટણી નિરીક્ષકોને કરશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૩૫૦ બુથ પૈકી ૫૪૨ બુથો પર આ માઈક્રો ઓબ્ઝર્વર નજર રાખશે.

જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે નિમાયેલા આ માઈક્રો ઓબ્ઝર્વરને ગુરૂવારે સવારે તાલિમ આપવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે દહેગામમાં ૫૪, ગાંધીનગર (દ)માં ૩૩, ગાંધીનગર (ઉ)માં ૨૨, માણસામાં ૩૫ અને કલોલમાં ૫૨ માઈક્રો ઓબ્ઝર્વરની નિમણુંક કરવામાં આવી છે.

દહેગામમાં ૧૧૫ બુથ, ગાંધીનગર (દ)માં ૧૧૯ બુથ, ગાંધીનગર (ઉ)માં ૮૧, માણસામાં ૬૪ અને કલોલમાં ૧૬૩ બુથ પર આ માઈક્રો ઓબ્ઝર્વર સીધી નજર રાખશે. જિલ્લામાં ગાંધીનગર (ઉ) અને કલોલ વિધાનસભા ખર્ચ માટે સંવેદનશીલ વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ માઈક્રો ઓબ્ઝર્વર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, મતદાન પ્રક્રિયા નિષ્પક્ષ ચાલી રહી છે કે કેમ, મતદારોને કોઈ અસુવિધાઓ તો નથી ને જેવી બાબતો પર ધ્યાન રાખશો.

આ માઈક્રો ઓબ્ઝર્વર મતદાનની આગળની રાતથી જ તેમનો કાર્યભાર સંભાળી લેશે અને મતદાન પ્રક્રિયા સંપન્ન થાય ત્યાં સુધી જે તે વિસ્તારમાં જ રોકાશે.

જિલ્લામાં ૬૭૫ બુથનું વેબકાસ્ટીંગ થવાનુ છે અને ૫૪૨ બુથો પર માઈક્રો ઓબ્ઝર્વર નજર રાખશે. જે નોંધનીય છે.

# સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા ૨૬૨ જેટલી મંજૂરીઓ અપાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીની વિવિધ મંજૂરીઓ માટે અમલી બનાવવામાં આવેલ સિંગલ વિન્ડો સીસ્ટમમાં ૨૬૨ જેટલી અરજીઓ મળી છે. આ બધી જ અરજીઓનો સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં જાહેર પ્રચાર અભિયાન અગત્યનું પૂરવાર થયેલ હોવાથી રેલી અને કાર્યાલયો ખોલવાની મંજૂરીઓ વધુ અપાઈ છે. આ ઉપરાંત ૨૫ થી વધુ નાની-મોટી સભાઓને મંજૂરી આપવામાં આવી છે.

જિલ્લામાં ચૂંટણીનું પ્રચાર અભિયાન અંતિમ તબક્કામાં પ્રવેશી ચુક્યુ છે ત્યારે નેતાઓની સભાઓની મંજૂરીઓની સંખ્યા વધશે તેમ મનાઈ રહ્યુ છે.

દરમ્યાન જિલ્લામાં સ્ટેટીક સર્વેલન્સની કામગીરીને સઘન બનાવવા સાથે મોનીટરીંગ માટે પણ તંત્રએ અલાયદી ચાર ટીમો બનાવવાનો નિર્ણય લીધો છે.

જિલ્લામાં સ્ટેટીક સર્વેલન્સની ટીમો દ્વારા ૪૦ હજારથી વધુ વાહનોની અને એક લાખ જેટલા લોકોની તપાસ કરવામાં આવી છે.

# જિલ્લામાં રેલવે ફાટક પર બ્રિજ બાંધવાની યોજના હજુ કાગળ પર

ગાંધીનગર, તા. ૩૦

ફાટકમુક્ત ગુજરાત અન્વયે રાજ્યમાં વિવિધ જગ્યાએ ૧૦૦ જેટલા ફાટક પર બ્રિજ બાંધવાનો નિર્ણય લેવાયો છે ગાંધીનગર જિલ્લામાં પણ વિવિધ ચાર જગ્યાએ બ્રિજ બાંધવાનું આયોજન છે પરંતુ .જમીન માપણી, જમીન સંપાદન, વન અને રેલવેના તંત્રે મંજુરીઓ અને રિપોર્ટ માટે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ પણ ગળે આવી ગયા છે જેના લીધે આ યોજના હજુ અભ્યાસુ તબક્કામાં જ છે

ફાટક મુક્ત ગુજરાત

### ફાટકમુક્ત ગુજરાતની યોજના આગળ વધતી નથી

અન્વયે સરકાર દ્વારા વિવિધ જંક્સન પર બ્રિજ બાંધવાનો નિર્ણય લેવાયો છે આ અંતર્ગત રાજ્યમાં ૧૦૦ જેટલા ફાટક પસંદ કરીને તેના પર બ્રિજ બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત ગાંધીનગરના ચાર રેલવે ફાટકનો પણ સમાવેશ થાય છે જેમાં પાટનગરમાં ક ૭ સર્કલથી રાંધેજાની વચ્ચે આવતું ક્રોસિંગ નંબર ૯, વાવોલથી ઉવારસદ જતાં આવતું ક્રોસિંગ નંબર ૧૩, વાવોલથી છત્રાલ વચ્ચે આવતું ક્રોસિંગ નંબર ૨૩૦ અને પાનસરથી કલોલની વચ્ચે આવતા રેલવે ક્રોસિંગ નંબર ૨૨૮નો સમાવેશ થાય છે. અંહી રેલવે તંત્ર સાથે વાવોલથી છત્રાલ વચ્ચે આવતું ક્રોસિંગ નંબર ૨૩૦ અને પાનસરથી કલોલની વચ્ચે આવતા રેલવે ક્રોસિંગ નંબર ૨૨૮નો સમાવેશ થાય છે. અંહી રેલવે તંત્ર સાથે પણ આપી દેવાયા પછી કામ ચાલુ થઈ શક્યું નથી. માર્ગ અને મકાન વિભાગે માત્ર બાંધકામ કરી આપવાનું છે. પરંતુ તેના સંબંધમાં જમીન માપણી તંત્ર, જમીન સંપાદન તંત્ર, વન વિભાગ અને રેલવે તંત્રએ મંજુરી અને રિપોર્ટ આપવાના થાય છે. આ દરેક તંત્ર સાથે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ ચર્ચા, પરામર્શ અને પત્ર વ્યવહાર કરીને પણ જાણે થાકી હારી ગયા હોય તેવી સ્થિતિ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com